# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને નેનપુર હાઇસ્કુલ દ્વારા "એક ઝાડ માતાના નામે" અભિયાનની સફળ શરૂઆત

અત્રેના કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે તા.૨૫-૦૭-૨૦૨૪ ના રોજ "એક ઝાડ માતાના નામે" સરકારશ્રીના અભિયાનની સફળ શરૂઆત  કરેલ છે. પ્રમુખ સ્વામિ વિનયમન્દિર, નેનપુર સ્કુલના વિધ્યાર્થીઓ, વિધ્યાર્થીનીઓ અને સર્વે શિક્ષકો દ્વારા હાઇસ્કુલ કેમ્પસને હરીયાળુ બનાવવા તેમજ વાતાવરણને પ્રદુષણ મુકત રાખવા તથા ગ્લોબલ વોર્મિંગ અસરથી  બચવા માટે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ. આ અભિયાન અંતર્ગત  વિવિધ વૃક્ષો જેવા કે આસોપાલવ, બોરસલી, પીપળો, ગુલમહોર, લીમડા વગેરે વાવવામા આવેલ હતા. આ "એક ઝાડ માતાના નામે" અભિયાનમા અત્રેની નેનપુર હાઇસ્કુલના  વિધ્યાર્થી અને વિધ્યાર્થીનીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ, તેમજ કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી કેંદ્રના સર્વે સ્ટાફ મિત્રોએ ઉત્સાહ્ભેર ભાગ લીધેલ અને સણસોલી ખાતે વૃક્ષારોપણ કરેલ અને વૃક્ષોની જાળવણી અને પર્યાવરણ બચાવવાનો સંકલ્પ પણ કરેલ છે.




પ્રમુખ સ્વામી વિનય મંદિર
મેનપુર